ગાંધીનગર સમાચાર

પૂર્વ કેન્દ્રીયમંત્રી કૃષ્ણા તીરથ ભાજપમાં

નવી દિલ્હી, તા.૧૯

દિલ્હી વિધાનસભામાં ચૂંટણીનું રણશિંગુ ફુંકાઈ ગયા પછી આ ચુંટણીનો જંગ વધારે રસાકસીવાળો થતો જાય છે. છેલ્લા એક સપ્તાહની અંદર કિરણ બેદી, શાઝિયા ઈલ્મી અને વિનોદ કુમાર બિન્ની બીજેપીમાં જોડાઈ ગયા છે અને હવે કોંગ્રેસના કૃષ્ણા તીરથ પણ બીજેપીમાં જોડાઈ ગયા છે. તેમણે બીજેપી અધ્યક્ષ અમિત શાહ સાથે મુલાકાત પણ કરી લીધી છે.જો કે આ વિશે કોંગ્રેસના પ્રવકતા અજય માકન કહે છે કે કૃષ્ણા તીરથે પાર્ટી છોડી હોય તેવી તેમની પાસે કોઈ માહિતી નથી.

કૃષ્ણા તીરથ કોંગ્રેસના તેવા નેતાઓમાંથી છે કે જેમને પાર્ટીમાં કશું કોઈ પૂછતું ન હતું. મીડિયાએ તેમને કોંગ્રેસના અન્ડર ગ્રાઉન્ડલીસ્ટમાં નાખી દીધી હતી. કૃષ્ણા તીરથ વિશે પહેલા સાંભળવા મળ્યું હતું કે તેને દિલ્હી વિધાનસભામાં ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવશે. અજય માકનના ચૂંટણી પ્રચાર કમિટીના અધ્યક્ષ બનતા જ એવી ચર્ચા શરૂ થઈ ગઈ હતી. બીજી બાજુ કોંગ્રેસના અમુક નેતાઓ એવું પણ કહેતા હતા કે કૃષ્ણા તીરથ પોતાના દિકરા માટે વિધાનસભામાં ટીકિટ માગી રહી હતી પરંતુ તે તેમને આપવામાં આવતી ન હતી. બીજેપીમાં સામેલ થયા પછી તીરથે કહ્યું છે કે જનતાની સેવા માટે બીજેપીમાં આવી છું.

એર ઇન્ડિયા ખર્ચમાં ૧૪ અબજ સુધીનો કાપ મુકશે

નવી દિલ્હી,તા. ૧૯

રોકડ કટોકટી અને તીવ્ર સ્પર્ધાના કારણે અનેક પ્રકારની મુશ્કેલીનો સામનો કરી રહેલાએર ઈન્ડિયાએ હવે ખર્ચમાં ૧૪ અબજ રૂપિયા અથવા તો ૨૨૭ મિલિયન ડોલર સુધી કાપ મુકવાની તૈયારી કરી લીધી છે. એર ઈન્ડિયા તેના ખર્ચમાં છ ટકા સુધી કાપ મુકવાની હિલચાલ ચાલી રહી છે. દેશમાં સ્થાનિક એર ટ્રાફિકમાં મોટી હિસ્સેદારી ધરાવનાર એર ઈન્ડિયાએ તેની સેવા વધુ લોકલક્ષી બનાવવા માટેની તૈયારી કરી છે. સુત્રોએ કહ્યું છે કે કંપની મેનેજમેન્ટ સરપ્લસ સ્ટાફ પર પણ ધ્યાન આપનાર છે. જેથી જરૂર નહી ધરાવનાર કર્મચારીઓ પર તવાઈ આવે તેવી શક્યતા છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કેએર ઈન્ડિયા કોન્ટ્રાક્ટ ભરતી પર પણ બ્રેક મુકવાની વિચારણામા છે. હાલમાં ઉડ્ડયન ક્ષેત્રમાં ગળા કાપ સ્પર્ધા ચાલીરહી છે. આવી સ્થિતીમાં કેટલાક પગલા જરૂરીબન્યા છે. તમામ ઉડ્ડયન કંપની પ્રવાસીઓને આકર્ષિત કરવાના પ્રયાસ કરી રહી છે.

યુરિયાની કિંમત અંકુશમુક્ત કરવા મોદી સરકાર ઈચ્છુક

નવી દિલ્હી,તા. ૧૯

ભારત યુરિયા ઉપર ભાવ નિયંત્રણને દૂર કરવાની યોજના ધરાવે છે. સાથે-સાથે પાંચ ટકાની આયાત ડ્યુટીને પણ નાબુદ કરવા માટેની યોજના ધરાવે છે. આજે અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સબ્સિડી ખર્ચને કાબુમાં લેવાની યોજના ધરાવે છે. સાથે-સાથે પાક-પોષણના બીનજરૂરી ઉપયોગને રોકવાની પણ યોજના ધરાવે છે. આ જ કારણસર મોદી સરકાર યુરિયા ઉપર ભાવ નિયંત્રણને દૂર કરવાની તૈયારીમાં છે. છેલ્લા એક દશકથી ખાતર સબ્સિડી ખર્ચને લઈને પ્રશ્નો થતા રહ્યા છે. અગાઉની સરકારે ઉત્પાદનના ખર્ચ કરતાં ઓછી કિંમત યુરિયાની રાખી હતી. યુરિયા ભારતમાં સૌથી વધારે ઉપયોગ કરનાર ખાતર તરીકે છે. મોદી સરકાર યુરિયાના મહત્તમ રીટેલ કિંમતોને અંકુશ મુક્ત કરવાની યોજના ધરાવે છે. યુરિયાનો ભાવ હાલમાં ટન દીઠ ૫૩૬૦ રૂપિયા અથવા તો ૮૭ ડોલર છે. અધિકારીઓને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે, સરકાર ૨૦ ટકા સુધી આગામી ત્રણ વર્ષ સુધી એમઆરપીને વધારી શકે છે. ખાતર મંત્રાલયના પ્રવક્તા વાયકે બાવેજાએ આ અહેવાલ અંગે કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે. યુરિયા માટેની કિંમત ૨૦૦૦ બાદથી માત્ર ૧૬.૫ ટકા જ વધી છે. જ્યારે ડાયઅમોનિયમ ફોસ્ફેટ જેવા બિન યુરિયા ખાતરોની કિંમત ત્રણ ગણી વધી છે. જ્યારે પોટાસની કિંમત ચાર ગણી વધી છે. કિંમતોમાં વધતા અંતરના પરિણામ સ્વરૂપે ખેડૂતોને યુરિયાનો આડેધડ ઉપયોગ કરવાની ફરજ પડી છે. છેલ્લા એક વર્ષના ગાળામાં યુરિયાની કિંમતોમાં વધારો કરવાની રજુઆત કરવામાં આવી ચુકી છે.

બેંક કર્મચારીઓ ૨૧મીથી હડતાલ પર

ચંદીગઢ,તા. ૧૯

જાહેર ક્ષેત્રની બેંકોના કર્મચારીઓ ૨૧મી જાન્યુઆરીથી ચાર દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાલ ઉપર ઉતરવા જઈ રહ્યા છે. લાંબાગાળાથી પેન્ડીંગ રહેલા પગાર સુધારાના મુદ્દાને ઉકેલવામાં કેન્દ્ર સરકારની ઉદાસીનતાના પરિણામ સ્વરૂપે બેંક કર્મચારીઓ હડતાલ ઉપર જવા તૈયાર થયા છે. અગાઉ સાતમી જાન્યુઆરીના દિવસે એક દિવસની હડતાલ પાડવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ મૈત્રીપૂર્ણ ઉકેલ શોધી કાઢવા આઈબીએની વિનંતી કરવામાં આવ્યા બાદ હડતાલને ટાળી દેવામાં આવી હતી. જોકે, હવે મોકુફ કરાયેલી હડતાલ પાડવામાં આવનાર છે. યુનાઈટેડ ફોરમ ઓફ

બેંક યુનિયન દ્વારા હડતાલની હાકલ કરવામાં આવી છે. દસ લાખથી વધુ કર્મચારીઓ અને અધિકારીઓ તેના છત્ર હેઠળ આવે છે. આઈબીએ તરફથી વધારાની કોઈ નવી દરખાસ્ત આવી નથી તેઓ દાવો કરીને ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફડરેશનના સ્ટેટ સેક્રેટરી દિપકકુમાર શર્માએ આ મુજબની વાત કરી છે. ચાર દિવસની હડતાલ પાડવામાં આવનાર છે. ચાર દિવસની હડતાલના પરિણામ સ્વરૂપે છ દિવસની અસર થાય તેવી શક્યતા છે કારણકે, ૨૫મીએ રવિવાર છે જ્યારે ૨૬મીએ રાષ્ટ્રીય રજા છે. બેંક કર્મચારીઓ માટે પગાર સુધારાની દરખાસ્ત પહેલી નવેમ્બર ૨૦૧૨થી પેન્ડીંગ રહેલી છે. યુએફબીયુ દ્વારા ઘણા સમયથી વિનંતી મંત્રણા માટે થઈ રહી છે. માંગને લઈને સમયબદ્ધ અભિગમની વાત થઈ છે પરંતુ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. અનલીમિટેડ વર્કિંગ કલાકને લઈને મુશ્કેલીઓ અને પગારમાં અસમાનતાના લીધે કર્મચારીઓ મુશ્કેલીમાં છે. કર્મચારીઓને મુશ્કેલ સ્થિતિ છતાં લાભ આપવામાં આવી રહ્યા નથી. શર્માએ કહ્યું હતું કે, આ તમામ સમસ્યા છતાં કર્મચારીઓએ જન ધન યોજના એકાઉન્ટ ખોલવા સહિત તેમની સામે રહેલી તમામ યોજનાઓને અસરકારકરીતે અમલી બનાવી છે. જાહેર ક્ષેત્રની બેંકના કર્મચારીઓએ ૧૬મી માર્ચ બાદથી અચોક્કસ મુદ્દતની હડતાલ ઉપર જવાનો પણ નિર્ણય કર્યો છે. આ સંબંધમાં નોટિસ પણ આપવામાં આવી છે.

ભારતના દબાણ વચ્ચે લખવીની અટકાયત વધુ એક મહિનો વધી

ઈસ્લામાબાદ,તા. ૧૯

વર્ષ ૨૦૦૮ના મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ જાકી ઉર રહમાન લખવીની અટકાયતને હવે એક મહિના સુધી લંબાવી દેવામાં આવી છે. અટકાયતને એક મહિના સુધી લંબાવવા માટેના કારણોમાં પાકિસ્તાન સરકાર ઉપર તીવ્ર દબાણને મુખ્ય રીતે ગણવામાં આવે છે. મુંબઈ હુમલામાં આરોપી અને ખતરનાક શખ્સ જાકી ઉર રહમાન લખવીને લઈને ભારત સરકારે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. ભારતની નારાજગી વચ્ચે જ પાકિસ્તાનને લખવીને અટકાયતમાં રાખવાની ફરજ પડી છે. આજે મીડિયા અહેવાલમાં જણાવાયું હતું કે, લખવીની અટકાયત હવે એક મહિના સુધી લંબાવી દેવામાં આવી છે. જજ જસ્ટીસ નુર ઉલહક કુરેશી દ્વારા હાઈકોર્ટમાં તેની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. લખવીની નજરબંદી કેસ મામલામાં સુનાવણી ચલાવવામાં આવ્યા બાદ તેની અટકાયતને ત્રીસ દિવસ સુધી લંબાવી દેવામાં આવી હતી. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તેની અટકાયતને લંબાવી દેવામાં આવી હતી. સુનાવણી દરમિયાન લખવીના વકિલ રાજા રિઝવાન અબ્બાસીએ કહ્યું હતું કે, નવેસરના એક્સટેન્સનના આદેશ જારી કરવામાં આવી ચુક્યા છે. કોર્ટમાં પડકાર પણ ફેંકવામાં આવ્યો છે. વહીવટી તંત્રના નિર્ણય સામે લખવી ફરી અરજી કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. લખવીની કેસની આગામી સુનાવણી ૨૬મી જાન્યુઆરીના દિવસે હાથ ધરવામાં આવશે.

તેની અટકાયતને હાલમાં જ ૧૦ દિવસ સુધી લંબાવી દેવામાં આવી હતી. લખવીને ૧૮મી ડિસેમ્બરના દિવસે એક મહિના માટે અટકાયતમાં લઈ લેવામાં આવ્યો હતો. એમપીઓ હેઠળ તેને અટકાયતમાં રાખવામાં આવ્યો છે. આતંકવાદ વિરોધી કોર્ટ દ્વારા લખવીને અગાઉ જામીન આપી દેવામાં આવ્યા હતા. ૧૮મી જાન્યુઆરીના દિવસે તેના અગાઉના અટકાયતી આદેશોની અવધિ પૂરી થઈ હતી. જેથી ૧૮મી જાન્યુઆરીના દિવસે સત્તાવાળાઓએ તેને અટકાયતમાં રાખવા માટેનો ગાળો ૨૭મી જાન્યુઆરી સુધી લંબાવી દેવામાં આવ્યો હતો. અહેવાલમાં જણાવાયું છે કે, તોયબાનો કમાન્ડર ભારત સરકારના દબાણ હેઠળ અટકાયત હેઠળ છે. વર્ષ ૨૦૦૮માં મુંબઈ હુમલાને અંજામ આપવાના, આ હુમલા માટે નાણાંની વ્યવસ્થા કરવામાં અને સમગ્ર યોજના તૈયાર કરવામાં તેની ભૂમિકા હતી. જમાત ઉલ દાવાના લીડર હફિજ સઈદ પણ માસ્ટર માઈન્ડ છે. લખવી દરિયા મારફતે મુંબઈ પહોંચેલા ૧૦ આતંકવાદીઓનો હેન્ડલર તરીકે હતો. સમગ્ર હત્યાકાંડ દરમિયાન લખવી ત્રાસવાદીઓના સંપર્કમાં હતો.

બિહાર કોમી હિંસા : સ્ફોટક સ્થિતિ વચ્ચે તપાસનો આદેશ

પટણા,તા. ૧૯

બિહારના મુઝફફરપુર જિલ્લામાં ભડકેલી કોમી હિંસામાં ત્રણ લોકોના મોત થયા બાદ વ્યાપક દરોડાનો દોર હાથ ધરવામાં આવ્યો છે. હજુ સુધી બે સમુદાય વચ્ચે હિંસક અથડામણના સંબંધમાં ૧૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મુઝફફરનગરના ડીએમ અનુપમકુમારે કહ્યું છે કે, હિંસા, આગ, તોડફોડના સંદર્ભમાં ૧૪ લોકોની ધરપકડ કરાઈ છે. બીજીબાજુ જિલ્લા વહિવટી તંત્રએ આજે અથડામણમાં માર્યા ગયેલા લોકોના નજીકના સંબંધીઓને વળતર તરીકે પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. ઉપરાંત ટોળા દ્વારા જે લોકોના મકાનને આગ ચાંપી દેવામાં આવી હતી તેવા મકાનના માલિકને એક લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. સરકારે પણ ૨૦ ઘરોમાં રહેતા ૫૭ પરિવારો પૈકી દરેકને ૪૨ હજાર રૂપિયા આપ્યા છે. અસરગ્રસ્ત લોકો માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા રાહત કેમ્પની શરૂઆત કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુઝફફરપુર જિલ્લાના સરાયા પોલીસ સ્ટેશન હેઠળ અજીજપુર ચોક નજીક ભીલવારા રુપનાથ ખાતે હિંસક અથડામણ થઈ હતી. જે પૈકી ત્રણ લોકોને જીવતા સળગાવી દેવાયા

હતા. ૨૦ મકાનોને આગ ચાંપી દેવાઈ હતી. હિંસામાં અનેક લોકો ઘાયલ થયા હતા. સહાની યુવાન ભાર્તેન્દુકુમારનો મૃતદેહ મળી આવ્યા બાદ સ્થિતિ વણસી હતી. પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાનું જાણવા મળ્યું છે.

લઘુમતી સમુદાય સાથે જોડાયેલી યુવતિના પ્રેમમાં ભાર્તેન્દુ હોવાના હેવાલ મળ્યા છે. યુવક અને યુવતિ બન્ને પરિવારોએ એકબીજા પર આક્ષેપો કર્યા છે.હિંસામાં ત્રણ લોકોના મોત થયા છે અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાંઆવી છે. એક યુવાનનો મૃતદેહ મળી આવ્યા બાદ હિંસાની શરૂઆત થઈ હતી. તોફાની ટોળાએ ડઝનથી વધારે મકાનોને આગ ચાંપી દીધી હતી. ત્રણ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા બાદ હવે મુખ્યપ્રધાન જીતન રામ માંઝી દ્વારા તપાસનો આદેશ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ૧૯ વર્ષીય ભારતેન્દુ કુમારનો મૃતદેહ મળ્યા બાદ હિંસાની શરૂઆત થઈ હતી. તે પટણાથી ૧૦૫ કિલોમીટરના અંતરે સ્થિત ગામમાં એક મુસ્લિમ યુવતિ સાથે યુવાનની મિત્રતા હતી જેથી તેની હત્યા કરવામાં આવી છે. ભારતેન્દુના પરિવારના સભ્યોએ સરાયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે જેમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ યુવાનનુ અપહરણ યુવતિના સગા સંબંધી દ્વારા કરી લેવામાં આવ્યું હતુ. આ સમાચાર આગની જેમ ફેલાતાની સાથે જ હિંસાની શરૂઆત થઈ હતી. કોમી હિંસાના બનાવ બાદ વિસ્ફોટક સ્થિતી સર્જાઈ હતી. ભારતેન્દુના મોતના સમાચાર મળ્યા બાદ સ્થિતી કાબુ બહાર થઈ ગઈ હતી. હિંસાના બનાવ બન્યા બાદ સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. હિંસા બાદ સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. કોઈ પણ વધુ બનાવ ન બને તે માટે સ્થિતી પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. એકાએક ભડકી ઉઠેલી હિંસાના સંબંધમાં કુલ ૧૪ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે.

કાળા નાણાં રોકવા બજેટમાં અનેક નવા પગલાઓ લેવાશે

નવી દિલ્હી,તા. ૧૯

કેન્દ્રિય બજેટ તૈયાર કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. આ વખતે કાળા નાણાંને ડામવા માટે કેટલાક નવા અને અસરકરાક પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આવકવેરા વિભાગ ઘરમાંઅથવા તો ખરીદી વેળા ૧૦ લાખ રૂપિયાની રોકડ રકમની મર્યાદા મુકે તેવી શક્યતા છે. ઉપરાંત ટેક્સ સત્તાવાળાઓ હાઈ વેલ્યુ ખરીદીના કેસમાં પાનને ફરજિયાત બનાવે તેવી શક્યતા છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે રકમને એક લાખ ફીકસ કરવામાં આવી શકે છે. સુત્રોએ કહ્યુ છે કે જો ૧૦ લાખ રૂપિયાથી વધારે રકડમાં મળી આવશે તો દંડની જોગવાઈ કરવામાં આવશે. આ વર્ષે યોજાયેલી લોકસભાની ચૂટણીમાંભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં કાળા નાણાંને રોકવા માટે પગલા લેવાની વાત કરી હતી. ભાજપે ઢંઢેરામાં કહ્યુંહતુંકે જો ભાજપ સત્તામાં આવશે તો કાળા નાણાંના દુષણને રોકવા માટે તમામ પગલા લેવામા આવશે. સુપ્રીમ કોર્ટે ભારતીય દ્વારા વિદેશમાં જમા કરવામાંઆવેલા કાળા નાણાંના મામલે તપાસ કરવા ખાસ તપાસ ટીમની રચના કરી હત. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાઈરેક્ટ ટેક્સ જે પ્રત્યક્ષ કરવેરા વસુલાત માટેની સર્વોચ્ચ સંસ્થા છે તે દ્વારા કેટલાક સુચન કરવામાં આવ્યા છે.તેના મુજબએક લાખ અથવા તો તેનાથી ઉપરની ખરીદી માટે પાનને ફરજિયાત કરવાની માંગ કરવામાં આવી છે. સીટ સમિતી દ્વારા પણ કેટલાક સુચન બજેટ પહેલા કરવામાં આવે તેવી શક્યતા છે.

સમાચાર ઝલક

- ગુજરાત માછીમારોની એક દિવસની હડતાલ, ફીંશીગ ટેલર વિદેશને કામની મંજુરીથી માછીમોરમાં રોષ.
- અરવલ્લી જિલ્લાના ગટકંપામાં ત્રણ સંતાનો સાથે માતાએ આત્મહત્યા કરી.
- લીંચ ગામે ચિત્તા જેવું જાનવર ફરતાં પ્રજામાં ફફડાટ.
- રાજકોટમાં યુવતીને જીવતી સળગાવવાનો પ્રયાસ.
- ગુજરાત યુનિવર્સિટીમાં તથા લાયબ્રેરીમાં અખબારો મંગાવવા માટે કાપ મુકવામાં આવ્યો.
- અમદાવાદમાં રાહદારીને ઊંટ કરડતાં મોત નીપજ્યું.
- વડોદરા જિલ્લામાં સામુહિક દુષ્કર્મનો બનાવ.
- મુંબઈમાં ૪૦૦ ટ્રક ડ્રાઈવરો ધરણાં કરતાં ટ્રકો થંભી ગઈ.
- મુઝફરપુરમાં હિંસક અથડામણમાં ૪નાં મોત.
- નાણાંમંત્રી અરૂણ જેટલી સાથે જય લલીતાની ૪૦ મીનીટ ગુફતેગો.
- દિલ્હીમાં ૧૦૦૦ કારતુસો સાથે ૩ યુવાનો ઝડપાયા.
- તાજમહાલની મુલાકાતે અમેરિકન પ્રમુખ જનાર હોવાથી યુમના એકસપ્રેસ હાઈવે પર હાઈ એલર્ટ થશે.
- દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાનો અંતિમ દિવસ રાજકીય પક્ષોમાં ભારે ચહલપહલ.
- સરકાર ધીમે ધીમે સબસીડીઓ ઓછી કરવા પ્રયત્ન કરી રહી છે - નાણામંત્રી
- શારદા ચીટ ફંડના મામલે સી.બી.આઈની કામગીરી માટે પ્રશ્ચિમ બંગાળ સરકારે સુપ્રિમમાં ફરિયાદ નોંધાવી.
- કાશ્મીર સરહદે સુરક્ષા ટુકડીમાં ભારે વધારો કરાયો.
- જાણીતા કાર્ટુનિસ્ટ આર.કે.લક્ષ્મણની તબિયત નાજુક હાલતમાં.
- અમેરિકન પ્રમુખશ્રીની ભારત યાત્રા સમયે પાકિસ્તાનને સીધા રહેવા અમેરિકાની ચીમકી.
- યુકને રશિયાનો શાંતિ પ્રસ્તાવ ઠુકરાવ્યો.

શારદા ચીટફંડ : ટીએમસી દ્વારા અંતે સુપ્રીમમાં અરજી

નવી દિલ્હી,તા. ૧૯

શારદા ચીટફંડ કૌભાંડના મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે ત્યારે તૃણમુલ કોંગ્રેસની તકલીફ દિન પ્રતિદિન વધી રહી છે. કરોડો રૂપિયાના શારદા ચીટફંડ કૌભાંડમાં ભાજપ સરકાર તરફથી દબાણ હેઠળ સીબીઆઈ કામ કરી રહી છે તેઓ આક્ષેપ કરીને તૃણમૂલ કોંગ્રેસે આજે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી અને આ કેસમાં તાકીદે દરમિયાનગીરી કરવાની માંગ કરી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ ટીએમસીએ સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી દીધી છે જેમાં શારદા ચીટફંડ કૌભાંડ કેસમાં સીબીઆઈ તપાસ ઉપર નજર રાખવા કહેવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટ હવે આ કેસમાં ૨૨મી જાન્યુઆરીના દિવસે વધુ સુનાવણી હાથ ધરે તેવી શક્યતા દેખાઈ રહી છે. તૃણમૂલ કોંગ્રેસના ઘણા પ્રધાનો અને સભ્યો આ કૌભાંડને લઈને જેલ ભેગા થઈ ચુક્યા છે. મમતા બેનર્જી સરકાર જટીલ સમસ્યાઓનો સામનો કરી રહી છે. છેલ્લા થોડાક મહિનાઓમાં સીબીઆઈ દ્વારા ટીએમસીના ઘણા નેતાઓની પૂછપરછ પણ કરવામાં આવી ચુકી છે. ભાજપે લોકસભાની ચુંટણી દરમિયાન પણ શારદા કાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો.

શશી થરૂરની આગામી ૪૮ કલાકમાં પૂછપરછ થઈ શકે

નવી દિલ્હી,તા. ૧૯

દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સીએ આજે કહ્યું હતું કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરૂરની સુનંદા પુષ્કર હત્યા કેસના સંબંધમાં આગામી થોડાક દિવસોમાં પૂછપરછ કરવામાં આવી શકે છે. શશી થરૂરની આગામી ૪૮ કલાકમાં કોઈપણ સમયે પૂછપરછ કરવામાં આવી શકે છે. દિલ્હી પોલીસ યુપીએ સરકારમાં પ્રધાન રહી ચુકેલા શશી થરૂરને સીઆરપીસીની કલમ - ૧૬૦ હેઠળ નોટીસ ફટકારી ચુકી છે. સુનંદા પુષ્કર હત્યા કેસના સંબંધમાં તપાસમાં મદદરૂપ થવા શશી થરૂરને કહેવામાં આવ્યું છે.

શશી થરૂરે દિલ્હી પોલીસને માહિતી આપી છે કે, તેઓ દિલ્હીમાં જ છે. સુનંદા પુષ્કરે ઓગસ્ટ ૨૦૧૦માં શશી થરૂર સાથે લગ્ન કર્યા હતા. ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે સુનંદા પુષ્કર તેના મોતના એક દિવસ પહેલાં ચાણક્યપુરીમાં આવેલી લીલા હોટલમાં રોકાઈ હતી. ત્યારબાદ તેનો મૃતદેહ રહસ્યમય સંજોગોમાં મળી આવ્યો હતો. તેના મોત પહેલા સુનંદાની પાકિસ્તાન સ્થિત પત્રકાર મેહર તરાર સાથે માઈક્રોબ્લોગીંગ સાઈટ પર જોરદાર બોલાચાલી થઈ હતી. જેમાં મેહર ઉપર તેના પતિની સાથે સંબંધ સ્થાપિત કરવાનો તેના પર આક્ષેપ કરાયો હતો. શશી થરૂર હાલ કાયદાકીય ગુંચનો સામનો કરી રહ્યા છે. શશી થરૂરની હિલચાલ ઉપર દિલ્હી પોલીસ સતત નજર રાખી રહી છે. સુનંદાની પાકિસ્તાની પત્રકાર મેહર સાથે અનેક વખત બોલાચાલી અગાઉ પણ થઈ હોવાના અહેવાલ મળી ચુક્યા છે.

સ્પાઈસ બે હજાર કર્મીને છૂટા કરે તેવા સ્પષ્ટ સંકેત

મુંબઈ,તા. ૧૯

રોકડ કટોકટીનો સામનો કરી રહેલા સ્પાઈસ જેટ એરલાઈન્સે કાપને ઘટાડવાના હેતુસર ૨ હજાર લોકોને છૂટા કરવાની તૈયાર કરી લીધી છે. લેઓફનો સંકેત આપીને સન ગ્રુપના સીએફઓએ જણાવ્યું છે કે, જો સ્પાઈસ જેટ આ સેક્ટરમાં ટકી રહેશે તો મેન પાવરમાં ચોક્કસપણે કાપ મુકવાની જરૂર છે. મારન પરિવાર માલિકી, મેનેજમેન્ટ અને કંટ્રોલને ટ્રાન્સફર કરવા તૈયાર થતાં સ્પાઈસમાં નવા પ્રાણ ફુંકવાના પ્રયાસો શરૂ થયા છે. કટોકટીનો સામનો કરતી સ્પાઈસ જેટ એરલાઈન્સે હવે વિમાનો અને કર્મચારીઓના રેસીયો વચ્ચે સંતુલન જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. ટોપ મેનેજમેન્ટમાં પણ ધરખમ ફેરફાર કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સ્પાઈસ જેટ પણ નફો નહીં કરતાં રુટ ઉપર તેની ફલાઈટોને બંધ કરે તેવી શક્યતા છે. કંપનીના મેનેજમેન્ટ ડિરેક્ટર એસ નટરાજને માહિતી આપતા કહ્યું છે કે, તેઓ પણ ટૂંક સમયમાં રાજીનામું આપનાર છે. ગયા ગુરુવારે સ્પાઈસ જેટ બોર્ડે કંપનીમાં નવા પ્રાણ ફુંકવાને મંજુરી આપી હતી.

લાંચ સૂચન બદલ કેજરીવાલ સામે કોંગ્રેસની પણ ફરિયાદ

નવી દિલ્હી,તા. ૧૯

અરવિંદ કેજરીવાલની મુશ્કેલીમાં સતત વધારો થયો છે કારણકે, કોંગ્રેસ પાર્ટીએ પણ આજે ચુંટણી પંચ સમક્ષ ફરિયાદ કરી છે. કેજરીવાલ સામે વિધિવત ફરિયાદ કોંગ્રેસે દાખલ કરી છે. હરીફ પક્ષોને ફગાવી દઈને તેમને પસંદ કરવા

લોકોને અપીલ કરવાનો આક્ષેપ કેજરીવાલ પર કરાયો છે. એએપીની તરફેણમાં મત આપવા પણ લોકોને ફરજ પાડવાનો કેજરીવાલ પર આક્ષેપ કરવામાં આવ્યો છે. એઆઈસીસીના જનરલ સેક્રેટરી અજય માકને ગઈકાલે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, પાર્ટી કાયદાકીય અભિપ્રાય મેળવશે અને એએપીના વડા કેજરીવાલ સામે ચુંટણી પંચ સમક્ષ જશે. દિલ્હીના લોકોનું અપમાન કરવાનો કેજરીવાલ પર આક્ષેપ કરવામાં આવ્યો છે. ભાજપ અને કોંગ્રેસ પાસેથી લાંચ લેવા અને મત એએપીને આપવા કેજરીવાલે ગઈકાલે લોકોને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ પ્રકારના નિવેદન કરવાની બાબત ગેરકાયદે છે. લોકોને નાણાંની ઓફર કરવામાં આવી રહી છે.

દિલ્હીમાં પક્ષના પ્રચાર એકમના વડા તરીકેની જવાબદારી માકનને સોંપવામાં આવી છે. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, એએપી પોસ્ટરો મુકવાના મામલામાં હરીફ કરતા ખૂબ જ આગળ છે. એફએમ રેડીયો ઉપર પણ ૨૪ કલાક જાહેરાતો મુકવામાં આવી રહી છે. લાંચ લીધા બાદ પણ એએપી માટે મત આપી ભાજપ અને કોંગ્રેસને મુરખ બનાવવા કેજરીવાલ મતદારોને અપીલ કરી રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસ બન્નેના લોકોને નાણા અપાઈ રહ્યા હોવાના અહેવાલ પાયા વગરના છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી દ્વારા પણ આક્ષેપો કરવામાં આવી ચુક્યા છે. કેજરીવાલ હાલમાં આક્રમક પ્રચારમાં વ્યસ્ત રહ્યા છે. છેલ્લા ૬૫ વર્ષથી લોકોને મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. કેજરીવાલ ટોપના નેતાઓને પણ ટાર્ગેટ બનાવી રહ્યા છે. લોકો વડાપ્રધાન મોદી પાસેથી મોટી અપેક્ષાઓ રાખી રહ્યા છે.